# રથયાત્રાના રૂટમાં ગાબડા દૂર કરવા તંત્ર કામે લાગ્યું!

## રૂટનો અભ્યાસ કરી જરૂરી ઠેકાણે સમારકામ તેમજ સફાઈ કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૮

ભગવાન જગન્નાથજીની



૨૯મી રથયાત્રા સંદર્ભે મોટા ભાગની તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. જયારે શહેરમાં ૩૧ કી.મી.ના લાંબા રૂટમાં નીકળનારી ભગવાની યાત્રામાં અડચરણરૂપ તથા ગાબડાઓ સહીત કચરો દૂર કરવા તંત્ર દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી છે. આજે પણ તંત્રના અધિકારીઓએ યાત્રાના રૂટનો અભ્યાસ હાથ ધર્યો હતો.

આગામી તા. ૧૦ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા ધામધૂમપૂર્વક યોજવા ભાવિકો ઉત્સુક છે. રથયાત્રા સમિતિ દ્વારા પણ મોટા ભાગની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. શહેરના જૂના અને નવા સેકટરોમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સ્વાગત માટે નાગરિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે.

જયારે રથયાત્રા મહોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ આયોજન શરુ કરી દેવાયું છે. બીજી તરફ ૩૧ કી.મી.ના લાંબા રૂટમાંથી પસાર થનારી ભગવાનની યાત્રા સંદર્ભે સેકટરોના રૂટનું પણ ચેકીંગ કરી દેવાયું છે. બીજી તરફ જૂના સેકટરોમાં રથયાત્રા જે રુટ પરથી પસાર થવાની છે તેવા કેટલાક સ્થળોએ ગાબડા પડયા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ સ્થિતિને ધ્યાને લઈ પાટનગર યોજના વિભાગ દ્વારા રથયાત્રાના રુટનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જયારે તંત્ર દ્વારા રૂમમાં સ્થિત ઉબડખાબડ માર્ગોના ગાબડા પૂરવા સહિત સફાઈનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.





# સાંજે શહેરમાં વરસાદનું ઝાપટુ

સોમવારે આખો દિવસ ધુપ-છાંવનો માહોલ રહ્યા બાદ સાંજે વરસાદી વાતાવરણ બંધાયું હતું અને વરસાદી ઝાપટા પડ્યા હતા. જો કે અપેક્ષા મુજબ વરસાદ ન પડતા નિરાશા છવાઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી ઉઘાડ નીકળ્યા બાદ સોમાવારે સાંજે આકાશ ગોરંભાયું હતું અને વરસાદી માહોલ બંધાયો હતો. જો કે એકાદ બે ઝાપટાને બાદ કરતા વરસાદ વરસ્યો ન હતો. સાંજે ૬ વાગ્યાની આસપાસ આકાશમાં કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા અને ઝરમરીયો વરસાદ શરૂ થયો હતો. કેટલાક સેક્ટરોમાં જોરદાર ઝાપટુ પડ્યું હતું અને રોડ ભીંજાઈ ગયા હતા. વાહનચાલકોએ વાહનો વૃક્ષની આડાશે ઉભા રાખવાની ફરજ પડી હતી. આકાશમાં ઘેરાતા વાદળો જોઈ એવી આશા બંધાઈ હતી કે વધુ વરસાદ પડશે પરંતુ થોડીક જ વારમાં વરસાદ રોકાઈ જતા બફારાનું સામ્રાજ્ય વિસ્તર્યુ હતું.

# ગત સપ્તાહ દરમિયાન વરસાદમાં ૪૮ વૃક્ષો જમીનદોસ્ત થયા

## શહેરમાં ૧૭ અને માણસામાં ૩૧ વૃક્ષો પડ્યા

ગાંધીનગર, તા. ૮

શહેરમાં ગત સપ્તાહ દરમિયાન સતત ૨૪ કલાક સુધી વરસેલા વરસાદમાં ૧૭ વૃક્ષો ધરાશયી થયા હતા. જ્યારે વરસાદી વાયરામાં માણસા તાલુકામાં પણ ૩૧ વૃક્ષો જમીનદોસ્ત થયા હોવાનું ધ્યાને આવ્યું છે.

ગત સપ્તાહ દરમિયાન મેઘરાજા મનમુકીને વરસતા શહેરના સેક્ટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ ઉદ્ભવી હતી. માર્ગો પર ભુવા અસ્તિત્વમાં આવવાની સાથે માટીના ધોવાણ થવાના લીધે ઘણા ઠેકાણે ગાબડા પડ્યા હતા જ્યારે સતત વરસાદના લીધે શહેર અને જિલ્લામાં ઠેર ઠેર વૃક્ષો ધરાશયી થવાના બનાવો બનવા પામ્યા હતા. અગાઉ પ્રારંભિક ચોમાસે તોફાની વરસાદમાં પણ સંખ્યાબંધ વૃક્ષો નમી પડ્યા હતા જ્યારે ગત વરસાદમાં પણ શહેરમાં વિવિધ સેક્ટરોમાં ૧૭ વૃક્ષો પડ્યા હતા જ્યારે વન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ માણસા તાલુકામાં પણ ૩૧ વૃક્ષો વરસાદમાં ધરાશયી થયા હતા. આમ વરસાદના બન્ને રાઉન્ડમાં ધરાશયી થતાં વૃક્ષોની સંખ્યા વિશેષ રહી છે. વરસાદી દિવસોમાં વૃક્ષો પડવાથી કોઈ અકસ્માત ન થાય તે માટે વનતંત્ર દ્વારા ભયજનક વૃક્ષો દૂર કરવા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે.

# બિલ્ડરે નજીવી તકરારમાં સુપરવાઈઝરને જાનથી મારી નાંખવાની ધમકી આપી

## ગાંધીનગર નજીકના સરગાસણ ગામે બની રહેલ લેન્ડમાર્ક હાર્મોનીના ત્રણ બિલ્ડરોએ ભેગા મળી સુપરવાઈઝરને ઢીબી નાખ્યો હતો : કામ બંધ કરી પાલક ઉતારી લેવાનું જણાવતા સુપરવાઈઝરે ના પાડી કોન્ટ્રાકટરની રાહ જોવા જણાવ્યું હતું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં નિર્માણાધિન લેન્ડમાર્ક હાર્મોની નામની સાઈટ પર આજે સાંજના સુમારે સુપરવાઈઝર સાથે થયેલી નજીવી તકરારમાં ત્રણ બિલ્ડરોએ ભેગા મળી સુપરવાઈઝરને ઢીબી નાખ્યો હતો અને એક બિલ્ડરે સુપરવાઈઝરના લમણે રીવોલ્વર મુકી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે સન્નાટો મચી જવા પામ્યો હતો. આ મામલે ફરિયાદની ફરિયાદના આધારે સેક્ટર-૭ પોલીસે ત્રણેય બિલ્ડરો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં હાલ લેન્ડમાર્ક હાર્મોની નામની સાઈટ પર મકાન બાંધવાની કામગીરી ચાલી રહી છે. જે સાઈટ ત્રણ બિલ્ડરો બાબુભાઈ હિરેન્દ્રભાઈ વાછાણી, નયન બાબુભાઈ વાછાણી અને હિરેન સુરેશભાઈ પટેલ ત્રણેય ભાગીદારીમાં ચલાવી રહ્યા છે. દરમિયાન આજે સાંજના સુમારે ત્રણેય બિલ્ડરો સાઈટ પર આવ્યા હતા. જ્યાં સાઈટ સુપરવાઈઝર વિરેન્દ્રસિંહ ભૂપેન્દ્રસિંહ ઝાલા પાલક બંધાવી પ્લાસ્ટરનું કામ કરાવી રહ્યા હતા. તેને રોકી તમામ બાંધેલા પાલક ઉતારી લેવાનું કહેતા સુપરવાઈઝરે કોન્ટ્રાકટરને પુછીને બાદમાં પાલક ઉતારીશ તેમ જણાવ્યું હતું. બાદમાં આ વાત સાંભળી ત્રણેય બિલ્ડરોએ ભેગા મળી સુપરવાઈઝરને સાઈટ પર જ ધોલ-ધપાટ કરી ઢીબી નાખ્યો હતો અને ત્રણ પૈકી એક બિલ્ડર પાસે રહેલી રીવોલ્વર સુપરવાઈઝરના લમણે મુકી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે સુપરવાઈઝરે સેક્ટર-૭ પોલીસમથકમાં ત્રણેય બિલ્ડરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં મોડી સાંજે પોલીસે ત્રણ પૈકી બે બિલ્ડરોની અટકાયત કરી હતી. જ્યારે એક આરોપી હજુ ફરાર છે. પોલીસ આ મામલે ઉચ્ચસ્તરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પરિણિતાને આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં પતિને ૫ વર્ષની કેદ

## સાસરીયાઓ શારીરિક-માનસિક ત્રાસ આપી પૈસાની માંગણી કરતા હતા

ગાંધીનગર, તા.૮

પરિણિતાને શારીરિક-માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર પેથાપુર ખાતે રહેતા રાકેશ મનુભાઈ પારેખના લગ્ન ચાર વર્ષ અગાઉ નટવરભાઈ બળાભાઈ નાયીની દીકરી નીતાબેન સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ત્યાં એક દિકરીનો જન્મ થયો હતો જયારે લગ્નજીવન દરમિયાન પરિણિતાના પતિ રાકેશ તેમજ સસરા મનુભાઈ અને સાસુ સુભદ્રાબહેન દ્વારા તેણીને શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાસરીયાઓ દ્વારા પરિણિતાને માર મારી પૈસાની માંગણી પણ કરવામાં આવી હતી. આ ત્રાસથી કંટાળી પરિણિતાએ તા. ૨૮ જૂન વર્ષ ૨૦૧૧ના રોજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જે બનાવ સંદર્ભે પરિણિતાના પિતા નટવરભાઈએ પોલીસ મથકે તેણીના સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ ગાંધીનગરની સેકન્ડ એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ જજ ડી.એમ. વ્યાસે પરણિતાના પતિ રાકેશભાઈને તકસીરવાન ઠરાવી કલમ ૪૯૮ (ક) તેમજ ૩૦૬ના ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીને રૂ. ૨ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ બે માસની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.





રોટરી કલબ ઓફ ગાંધીનગરના નવનિયુક્ત પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ તાજેતરમાં ટાઉનહોલ ખાતે યોજાઈ ગયો. નગરના અગ્રણી ઉદ્યોગપતિ રોટે. રાહુલ મહેતાએ પ્રમુખપદે તથા રોટે. એચ. એમ. પટેલે સેક્રેટરી તરીકે રોટરી કલબની નવી ટીમ સાથે શપથ ગ્રહણ કર્યા હતા. (તસવીર : રાકેશ ભટ્ટ)

# અષાઢી બીજના દિવસે વાહનખરીદી માટે ઘસારો

અમદાવાદ, તા. ૮

તા. ૧૦મી જુલાઈના રોજ આરટીઓ કચેરીમાં ટુ વ્હીલર, ફોર વ્હીલર સહિતનાં વાહનોનાં રજિસ્ટ્રેશનમાં ૧૫ ટકથી વધુનો વધારો નોંધાશે.

અમદાવાદમાં તા. ૧૦મી જુલાઈ અષાઢી બીજના દિવસે રથયાત્રા નીકળશે. અમદાવાદમાં અષાઢી બીજના દિવસે વણજોયા મુહૂર્તમાં લોકો વાહનોની ખરીદી કરતા હોય છે અમદાવાદ સુભાષબ્રિજ ખાતે આવેલી આરટીઓ કચેરીમાં અષાઢી બીજના દિવસે ટુ વ્હીલર, ફોર વ્હીલર, ટ્રાન્સપોર્ટ વ્હીકલ સહિતનાં તમામ વાહનોમાં ૧૫ ટકાથી વધુનો વધારો થશે. આરટીઓમાં સામાન્ય દિવસોમાં ૧૦૦૦થી ૧૨૦૦ જેટલાં વાહનો રજિસ્ટ્રેશન માટે આવે છે. જ્યારે ૧૦ જુલાઈ અષાઢી બીજના દિવસે ૧૬૦૦ થી વધુ વાહનો રજિસ્ટ્રેશન માટે આવશે.

જ્યારે કેટલાક લોકોએ અષાઢી બીજના દિવસે વાહનોની ડિલિવરી લેવા માટે અત્યારથી જ રજિસ્ટ્રેશન પણ કરાવી દીધા છે.

અષાઢી બીજના વણજોયા મુહૂર્તમાં લોકો સોના-ચાંદી તેમજ વાહન સહિતની ખરીદી કરતા હોય છે. કેટલાક લોકોએ તો અગાઉથી જ વાહનોના બુકિંગ કરાવી દીધા છે. ઉપરાંત વાહનોનાં રજિસ્ટ્રેશનના વધારાથી આરટીઓના ટેક્સમાં પણ વધારો થશે.

# હર્ષજીત પંડ્યાએ તંત્રના કિન્નાખોરીભર્યા વલણ સામે આંદોલન કરવાની ચેતવણી ઉચ્ચારી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ આજે તેમની સામે તંત્ર દ્વારા રાજકીય કિન્નાખોરી દાખવી સૂચવેલા કામો માટે તેમને મળવા પાત્ર ગ્રાન્ટ છુટી નહિ કરી અન્યાય સામે આંદોલનનો માર્ગ અપનાવશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

મ્યુનિ. કમિશનરશ્રીને પાઠવેલા એક પત્રમાંથી પંડ્યાએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષથી તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે ત્રણ ડઝનથી પણ વધુ વખત લેખિત રજુઆતો અને દરખાસ્તો આપ્યા પછી એક પણ રૂ.ની ગ્રાન્ટ છુટી નહિ કરી તેમની સામે રાજકીય કિન્નાખોરી દાખવવામાં આવી રહી છે. આ માટે જો એક સપ્તાહમાં કાર્યવાહી શરૂ નહિ કરાય તો પહેલાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન, બીજા તબક્કામાં ના કર લડત અને અંતે કોર્પોરેશનને તાળાબંધીનો કાર્યક્રમ આપવાની ફરજ પડશે.

શ્રી પંડ્યાએ મ્યુનિ. કમિશનરશ્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે શાળા પ્રવેશોત્સવ પૂર્વે તેમણે તેમના વોર્ડની શાળાના વિદ્યાર્થીઓ માટે આર.ઓ. પ્લાન્ટ, વોટરકુલર અને રમત-ગમતના સાધનો તેમજ શાળાના રીપેરીંગ માટેની રજુઆતો આવી હતી. પ્રવેશોત્સવ પછી પણ આ કામગીરી થઈ નથી જ્યારે મેયર અને અન્ય પદાધિકારીઓ માટે રાતોરાત મંજૂરી આપી આ સુવિધાઓ શાળાઓને ફાળવવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે સોલાર લાઈટના થાંભલા માટેની દરખાસ્તો તેમજ વૃક્ષજતન માટે ટ્રીગાર્ડની દરખાસ્તો પણ બહાલી નથી અપાઈ એટલુ જ નહિ ગત વર્ષે સભ્યોને ફાળવેલા બાંકડા હજુ સુધી તેમને નથી ફાળવવામાં આવ્યા.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે તંત્ર રાજકીય આટાપાટા છોડી જનસુવિધા જનસુખાકારીની અમારી રજુઆત અંગે તાકીદે કાર્યવાહી નહિ કરે તો અમને આક્રમક બનતાં આવડે છે તંત્ર અમને તે માટે મજબુર ના કરે.

# ઈશરત કેસ : અમીનની જામીન અરજી પર આજે ચુકાદો જાહેર

અમદાવાદ, તા.૦૮

ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા મોડી ચાર્જશીટ રજુ કરાતા આ કેસમાં સંકળાયેલા ઉચ્ચ પોલીસ અધિકારી ડો.એન.કે. અમીને નામદાર કોર્ટમાં ડિફોલ્ટ જામીન મેળવવા અરજી દાખલ કરી હતી જેમાં બંને પક્ષો વચ્ચે જામીન અરજી અંગે સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જામીન અંગેનો ચુકાદો આવતીકાલના રોજ જાહેર થશે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા મહત્વના આરોપી અને હાલ ખાનગી દવાખાનામાં ખાસ સારવાર લઈ રહેલા ડો. એન.કે. અમીને સીબીઆઈ દ્વારા ચાર્જશીટ મોડી રજુ કરાતા ડિફોલ્ટ જામીન અરજી દાખલ કરી જામીન માંગ્યા છે. સીબીઆઈ દ્વારા સમયસર ચાર્જશીટ ફાઈલ ન કરાતા અને ચાર્જશીટ મોડી ફાઈલ થતા પોતે ડિફોલ્ટ જામીન મેળવવા હક્કદાર તેવી માંગણી કરી છે. નામદાર કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી લીધી છે આવતીકાલે એન.કે. અમીનની ડિફોલ્ટ અરજીનો ચુકાદો જાહેર થશે હવે જોવાનું એ રહેશે કે એન.કે. અમીનને જેલ મળશે કે બેલ ?


Since 1986

અભય

FEEL FREE, BE FEARLESS

• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars

ABHAY DECORATORS

CORRESPONDENCE OFFICE

Ph. : 079-232 87368, Fax : 079-232 87292



## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રીના પર્સનલ સેક્રેટરીની સરકારશ્રીના ધારા-ધોરણ પ્રમાણે રૂ. ૪૫૦૦ના ફીક્સ વેતનથી જગ્યા ભરવાની છે.

લાયકાત : કોઈપણ શાખાના સ્નાતક, લો ગ્રેજ્યુએટ થયેલાને અગ્રતા આપવામાં આવશે. વયમર્યાદા ૪૫ વર્ષથી વધુ નહીં.

આ માટે તા. ૧૫-૭-૨૦૧૩ને સોમવારના રોજ સવારના ૧૧ કલાકે ઈચ્છુક ઉમેદવારોને ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે નીચેના સરનામે વોક ઈન ઈન્ટરવ્યું માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર મહાનગરપાલિકા, બહુમાળી મકાન, સેક્ટર-૧૧, પ્રથમ માળ, ગાંધીનગર-૧૧.

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા






SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com